નં.ડીએમ/નો સેલ્ફી ઝોન/૦૧૦૭/૨૦૨૩.
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર તા.૦૧/૦૭/૨૦૨૩.

**-: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું :-**

જામનગર જિલ્લામાં ભારે વરસાદ થવા કારણે જિલ્લાના મહત્વના ડેમ/સિંચાઈ યોજનાઓમાં પાણીની વિશાળ પ્રમાણમાં આવક થયેલ છે તથા કેટલાક ડેમ/સિંચાઈ યોજનાઓના ઓવરફલો પણ થયેલ છે. આવા સ્થળો એ વિશાળ સંખ્યામાં લોકો હરવા ફરવા માટે આવતા હોય છે. ડેમ/જળાશય/ નદી કાંઠે ડેમ ખાતે સેલ્ફી લેવા જતા દુર્ઘટના થતી હોય છે. જેથી આવા સ્થળોએ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે ડેમ/જળાશય/નદી કાંઠા પર સેલ્ફી લેવા ઉપર પ્રતિબંધ ફરમાવવા ઉચિત્ત જણાય છે.

જેથી હું, ભાવેશ એન. ખેર , જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ફરમાવુ છું કે, જામનગર જિલ્લાના તમામ મહત્વના ડેમ/ સિંચાઈ યોજનાઓ/જળાશય/નદી કાઠાં પર સેલ્ફી લેવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામું તા.૦૧/૦૭/૨૦૨૩ થી તા.૩૧/૦૮/૨૦૨૩ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત વિરુધ્ધ પગલા લેવા માટે ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાં અન્વયે સંબંધિત ડેમનો હવાલો ધરાવતા નાયબ કાર્યપાલક ઈજનેર તથા તેમનાથી ઉપરના દરજ્જાના સિંચાઈ વિભાગના અધિકારીશ્રીઓ તથા થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

ડેમનો હવાલો ધરાવતા કાર્યપાલક ઈજનેર દ્વારા લોકોને સહેલાઈ જાણ થાય તથા દેખી શકાય તે રીતે "નો-સેલ્ફી ઝોન" ના બોર્ડ મુકાવવાના રહેશે.

આ જાહેરનામાંની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે. જામનગર જિલ્લામાં લોકોને સહેલાઈથી જાણ થાય તે માટે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્ર દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા.૦૧માહે: જુલાઈ-૨૦૨૩ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર જિલ્લા
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :–

(૧) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.

(૨) જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (ફર્સ્ટ કલાસ) કોર્ટ (તમામ)................

(૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

(૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

(૫) કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગર

(૬) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર.

(૭) કાર્યપાલક ઈજનેરશ્રી, ઉંડ જળ સિંચન વિભાગ, જામનગર

(૮) કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ (રાજય), પી.ડબલ્યુ.ડી. નો ડેલો,જામનગર

(૯) કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ (પંચાયત), જિલ્લા પંચાયત, જામનગર

(૧૦) મામલતદારશ્રી,
જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.

(૧૧) મામલતદારશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, જામનગર

(૧૨) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા,......................... (તમામ)

(૧૩) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ....................(તમામ)

(૧૪) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

(૧૫) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે, જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેની ડી.એમ.શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

(૧૬) શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં
...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારૂં

(૧૭) કચેરીના નોટીસ બોર્ડ ઉપર.

(૧૮) સિલેકટ ફાઈલ.

નકલ સવિનય રવાના :–

(૧) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.